પોલીસ અધિક્ષકની કચેરી, પંચમહાલ,ગોધરા,
સરનામું સિવીલ લાઇન્સરોડ, ગોધરા.- ૩૮૯૦૦૧,
પોલીસ કંટ્રોલ રૂમ ટે.નં.- (૦૨૬૭૨) ૨૪૨૫૦૪, ૨૪૫૯૭૨,
ફેક્સ નંબર - (૦૨૬૭૨) ૨૪૨૮૧૨,
ઇ-મેઇલ એડ્રેસ - sp-pan@gujarat.gov.in

ક્રમાંકઃગનહ/આર.બી./૩૮૮૪/૨૦૨૨
પોલીસ અધિક્ષકની કચેરી
પંચમહાલ ગોધરા તા.૨૨/૧૧/૨૦૨૨

પ્રતિ,
એકઝીકયુટીવ શ્રી,
ગુજરાત ઇન્ફોર્મેટીક લીમીટેડ,
બ્લોક નં.૧, ૮ મો માળ,
ઉધોગ ભવન, ગાંધીનગર.

**વિષયઃ-** પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબત.

**હવાલોઃ-** (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃજી-૧ (ક્રાઇમ)/ટે.૨ / સારી કામગીરી/૧૭૮૧/૧૨ તા.૧૭/૫/૧૨
(૨) આપશ્રીના ફેકસ મેસેજ નં.સી.સી./કોન્સોલ/૫૮૦ /૨૦૧૨ તા.૨૩/૫/૨૦૧૨ આધારે

સવિનય ઉપરોકત વિષય અને હવાલા અન્વયે જણાવવાનું કે, પોલીસ વિભાગ ધ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબતે ઉપરોકત હવાલાવાળા પત્રથી જણાવવામાં આવેલ છે તો અત્રેના પંચમહાલ જીલ્લામાં **તા.૧૪/૧૧/૨૦૨૨ થી તા.૨૦/૧૧/૨૦૨૨** સુધી પોલીસ ધ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે આપશ્રીને વિદીત થાય.

**ગુન્હો ડીટેકટર-૦૨**

(૧) હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૯૨૨૦૪૫૭/૨૦૨૨ ઇ.પી.કો. ક.૩૦૨, ૩૬૩, ૩૭૬-એબી તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનીયમ ૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબનો ગુનો તા.૧૪/૧૧/૨૦૨૨ ના ક.૧૫/૦૦ વાગ્યા પછી કોઇપણ સમયે મોજે.આનંદપુરા ગામની સિમમાં બનવા પામેલ અને સૌપ્રથમ આરોપી નમુદ ન હોય અનડીટેકટ રહેવા પામેલ સદર ગુનાની તપાસ દરમ્યાન ગુનાનો આરોપી બળવંતસિંહ ઉર્ફે અશ્વિન જેસીંગભાઇ પરમાર ઉ.વ.૪૬ રહે.આનંદપુરા ઉપલુ ફળીયુ તા.હાલોલ જી.પંચમહાલ નાઓ મળી આવતા જેને પો.ઇન્સ. હાલોલ રૂરલ પો.સ્ટે. તથા પો.સ.ઇ. પેરોલ ફર્લો સ્કોડ નાઓ દ્વારા તા.૧૫/૧૧/૨૦૨૨ના ક.૨૦/૪૫ વાગે ગુન્હાના કામે અટક કરી અનડીટેક રહેલ ગુનો શોધી કાઢવામા આવેલ છે.

(૨) તા.૧૫/૧૧/૨૦૨૨ ના રોજ એસ.ઓ.જી. શાખાના પોલીસ માણસો ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી મળેલ કે ક્યાંક થી પાણી ખેંચવાની જુની મોટરોનો જથ્થો ચોરી કે છળકપટથી લાવી તે મોટરો હાલમા સિંગલ ફળીયા ગરનાળા પાસે આવેલ નીમચ તળાવ પાસે આવેલ ઝાડીમા છુપાવી કોઇને વેચવાની

પેરવીમા છે. જેથી સાજીદ બિલાલ ડમરી રહે.મોટી મસ્જીદ પાસે ગોન્દ્રા સર્કલ, ગોધરા નાને સીગલ ફળીયા ગરનાળા પાસેથી પકડી તેને સાથે રાખી નીમચ તળાવ પાસેની ઝાડીઓમા પંચો રૂબરૂ તપાસ કરતા જુની મોટરો નંગ-૧૩ મળી આવેલ જેની કિં.રૂા.૧૩૦૦૦ ની ગણી તથા રાઉટરો નંગ-૦૬ મળી આવેલ જેની કિં.રૂા.૩૦૦૦/-ની ગણી સદરી ઇસમની અંગઝડતી માંથી એક OPPO મોબાઇલ ફોન મળી આવેલ જેની કિં.રૂા.૫૦૦૦ ની ગણી કુલ મુદ્દામાલ રૂા.૨૧,૦૦૦/- નો CRPC કલમ ૧૦૨ મુજબ કબ્જે લઈ ઉપરોકત ઇસમને CRPC કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામા આવેલ છે. અને સદરી મુદ્દામાલ બાબતે તપાસ કરતા મોરવા(હ) પો.સ્ટે ગુ.ર. નં.૧૧૨૦૭૦૪૮૨૨૦૬૯૯/૨૦૨૨ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય જે ગુન્હો પો.ઇન્સ. એસ.ઓ.જી. શાખા ગોધરા નાઓ દ્વારા ડીટેકટ કરવામાં આવેલ છે.

**પકડવામા આવેલ નાસતા ફરતા આરોપીઓ-૦૪**

(૧) ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૨૦૩૭૬/૨૦૨૨ IPC કલમ ૩૦૭, ૩૩૨, ૩૨૩, ૧૧૪ તથા જી.પી એક્ટ કલમ ૧૩૫ તથા ધી ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩(એ) મુજબ (૨) ગોધરા રેલ્વે પો.સ્ટે ગુ.ર.નં.૨૦/ ૨૦૨૨ રેલ્વે પ્રોપર્ટી અનલોકુલ પઝેશન એકટની કલમ ૩ મુજબના ગુનાનો નાસતો ફરતો આરોપી શહેઝાદ ઉર્ફે ડમ્મર ફઝલ હયાત રહે.મુસ્લીમ સોસાયટી બી મીઠીખાન મહોલ્લા ગોધરાનાને ગોધરા માસુમ મસ્જીદ જાકીર હુસેન સ્કુલ પાસે નાઓને પો.ઇન્સ. એસ.ઓ.જી. શાખા નાઓ દ્વારા તા.૧૩/૧૧/૨૦૨૨ કલાકઃ૧૪/૧૫ વાગે હસ્તગત કરી આગળની કાર્યવાહી કરવા સારૂ ગોધરા ટાઉન બી ડીવીઝન પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે

(૨) દાહોદ જીલ્લાના સાગટાળા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.(૧) ૧૫/૨૦૨૨ પ્રોહી એક્ટ કલમ૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) (૨) ૩૭૬/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૮૧, ૧૧૬(બી) (૩) ૩૮૮/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ) , ૮૧, ૯૮(૨) ,૧૧૬(બી) તથા (૪) ૩૮૯/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી નામે વિપુલ બોતેરભાઇ રાઠવા રહે.ગોરાડપાણી તા.ઘોઘંબા જી.પંચમહાલ નાને ગોધરા બામરોલી રોડ હનુમાનજી મંદીર પાસેથી પો.ઇન્સ. એસ.ઓ.જી. શાખા ગોધરા નાઓ દ્વારા તા.૧૬/૧૧/૨૦૨૨ કલાકઃ૧૯/૩૦ વાગે હસ્તગત કરી આગળની કાર્યવાહી કરવા સારૂ ગોધરા ટાઉન એ ડીવીઝન પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે

(3) રાજગઢ પો.સ્ટે. સી પાર્ટ ગુ.ર.નં.-૧૧૨૦૭૦૫૫૨૨૦૨૬૧/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(ઈ), ૮૧ મુજબના કામનો આરોપી મહેન્દ્રભાઇ ઉર્ફે કાળુભાઈ લક્ષ્મણસિંહ જાતે પટેલ ઉ.વ.૩૦ રહે.રાઠવાના મુવાડા તા.દેવગઢ બારીઆ જી.દાહોદ નાનો હાલ કેળકુવા ચોકડી પાસે ઉભો રહેલ હોવાની બાતમી આધારે કેળકુવા ચોકડી ઉપર જઇ તપાસ કરતા ઉપરોકત આરોપી મળી આવતા પો.સ.ઇ. પેરોલ ફર્લો સ્કોડ નાઓ દ્વારા તા.૧૪/૧૧/૨૦૨૨ ના ક-૧૦/૪૫ વાગ્યે આરોપીને હસ્તગત કરી આગળની વધુ તપાસ માટે રાજગઢ પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે.

(૪) **બોડેલી પો.સ્ટે. પાર્ટ નં-૧૧૧૮૪૦૦૧૨૧૦૬૪૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) ૫૦૬(૨)** મુજબના કામનો આરોપી **ફિરોજ નન્નુમીયા શેખ ઉ.વ.-૫૪ રહે.જુની મસ્જીદ પાછળ,ગોન્દ્રા,ગોધરા તા.ગોધરા જી.પંચમહાલ** નાનો હાલ બાલાસીનોર એકતા હોટલ સામે હોવાની બાતમી આધારે બાલાસીનોર એકતા હોટલ સામે જઇ તપાસ કરતા ઉપરોકત આરોપી મળી આવતા પો.સ.ઇ. પેરોલ ફર્લો સ્કોડ નાઓ દ્વારા તા.૨૦/૧૧/૨૦૨૨ ના ક-૧૨/૪૫ વાગ્યે હસ્તગત કરી આગળની વધુ તપાસ માટે આરોપીનો કબજો સંભાળી લેવા બોડેલી પો.સ્ટે. જાણ કરવામાં આવેલ છે.

**પ્રોહીબિશન હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-૦૪**

(૧) રાજગઢ પો.સ્ટે સી પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૫૫૨૨૦૪૮૮/૨૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૫એ, ૬૫ઈ મુજબના કામે તા.૧૩/૧૧/૨૦૨૨ ક.૧૭/૩૦ વાગે મોજે.રવેરી ગામે આરોપી બળદેવભાઇ ઉર્ફે બલો જીતેશભાઇ પરમાર રહે.રવેરી રોડવાળુ ફળીયું તા.ઘોઘંબા જી.પંચમહાલ. નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ભરેલ પ્લાસ્ટીકના કવાટરીયા નંગ-૨૬૪ કિ.રૂ.૨૬,૪૦૦/- નો પ્રોહી મુદ્દામાલ સંતાડી રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. એલ.સી.બી. શાખા ગોધરા નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૨) કાંકણપુર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૮૨૨૦૪૦૩/૨૦૨૨ પ્રોહી એકટ ક.૬૫ (એ)(ઈ), ૧૧૬(બી) મુજબના કામે તા.૧૩/૧૧/૨૦૨૨ ના ક.૧૪/૪૫ વાગે મોજે.છકડીયા જતાં રસ્તા ઉપર વેલવડ ગામે આરોપી વિશાલકુમાર ભારતસિંહ પરમાર ઉ.વ.૨૪, ધંધો-ખેતી, રહે-પીપળીયા, માતાના મુવાડા, તા-ગોધરા, જી.પંચમહાલ હાલ રહે.વેલવડ, આથમણા ફળીયા તા.ગોધરા જિ.પંચમહાલ નાએ વગર પાસ પરમીટે પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજા ભોગવટાની દુકાનમાં વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના (૧) ROYAL BLUE MALT WHISKY લખેલ છે જેનો બેચનં. જોતા 120, JUNE 2022નો લખેલ છે તથા તેની ઉપર જોતા DISTILLED BLENDED AND BOTTLES BY PIGGOT CHAMPMAN AND CO COLVALE INDUSTRIAL ESTATE BARDEZ,GOA PRODUCE OF INDIA 180 Ml લખેલ છે તે ભારતીય બનાવટની એક પેટી ખોલી જોતાં પ્લાસ્ટીકના કવાર્ટરીયા નંગ-૪૮ આંમ પાંચ પેટીના પ્લાસ્ટીકના કવાર્ટરીયા કુલ –૨૪૦, જે એક પ્લાસ્ટીકના કવાર્ટરીયાની કિમંત રૂ.૧૦૦/- લેખે કુલ નંગ-૨૪૦ની કુલ કિમંત રુપીયા ૨૪,૦૦૦/- (૨) ROYAL CLUB DULUXE WHISKYE BLENDED WITH MARTURED MALT SPIRIT લખેલ છે જેનો બેચ નં.જોતાં લખેલ નથી. તથા તેની ઉપર જોતાં DISTILLED BLENDED AND BOTTLES BY Globus Spirits Ltd. Vill Shyampur, Behror, Distric.Alwar-301701 Rajasthan 180 Ml લખેલ છે. તે ભારતીય બનાવટની એક ખુલ્લી પેટી જોતાં કાચનાં કવાર્ટરીયા નંગ –૪૪, જે એક કાચના કવાર્ટરીયાની કિમંત રૂ.૮૫/- લેખે કુલ કિમંત રુપીયા ૩,૭૪૦/- આમ કુલ કિંમત રૂ.૨૭,૭૪૦/- નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસની રેઇડ દરમિયાન દુકાને હાજર મળી આવી પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. કાંકણપુર પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(3) **વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ સી.ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૬૨૨૦૫૧૫/૨૦૨૨ પ્રોહી એક્ટ ક.૬૫એ, ૬૫ઇ, ૯૮(૨) મુજબના કામે તા.૧૫/૧૧/૨૦૨૨ ક.૧૮/૩૦ વાગે મોજે.વેજલપુર ત્રણ રસ્તા રોડ ઉપર આરોપી સંદિપભાઇ વિનોદભાઇ પરમાર રહે.પીપળી ત્રીમેળા ફળીયુ તા.લીમખેડા જી.દાહોદ. નાઓએ વિદેશી દારૂનો જથ્થો ભરી પ્રોહી પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે એક્સયુવી-૫૦૦ કાર નંબર જી.જે.૦૧ આરબી ૫૬૮૪ કિ.રૂ.૩,૦૦,૦૦૦/- નીમાં વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ-૯૧૨ કિ.રૂ.૯૦,૭૨૦/- એમ મળી કુલ રૂ.૩,૯૦,૭૨૦/- મુદ્દામાલ વહન કરી લઇ આવતા પોલીસની નાકાબંધી દરમ્યાન પકડાય જતા ઉપરોકત મુદ્દામાલ કરી પો.ઇન્સ. એલ.સી.બી.શાખા ગોધરા નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

(૪) **વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ “સી” ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૬૨૨૦૫૨૦/૨૦૨૨ પ્રોહી એકટ કલમ-૬૫(એ), ૬૫(ઇ) મુજબના કામે તા.૧૬/૧૧/૨૦૨૨ ક.૨૦/૩૦ વાગે મોજે.એરાલ વરીયા ફળીયામા આરોપી અરવિંદભાઇ અનોપભાઇ બારીઆ રહે.એરાલ વરીયા ફળીયુ તા.કાલોલ જી.પંચમહાલ નાઓએ પ્રોહીપ્રતિબંધક એરીયામાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરમાં**

**વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ભરેલ પ્લાસ્ટીકના કવાટરીયા નંગ-૨૮૦ કિ.રૂ.૨૬,૦૪૦/- નો પ્રોહી મુદ્દામાલ સંતાડી રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. એલ.સી.બી.શાખા ગોધરા નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

**પશુ સંરક્ષણ ધારા હેઠળ શોધી કાઢવામા આવેલ કેસ-૦૨**

(૧) ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૨૦૪૯૫/૨૦૨૨ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનીયમ-૨૦૧૧ ના સુધારાની-૨૦૧૭ ની કલમઃ૫, ૬(એ), ૮(૪), ૧૦ તથા ધી પ્રાણી ક્રૂરતા અધિનીયમ ૧૯૬૦ ની કલમ ૧૧(૧)(ડી)(ઇ)(એફ) તથા જી.પી.એકટ ક.૧૧૯ મુજબના કામે તા.૧૩/૧૧/૨૦૨૨ ના ક.૦૮/૩૦ વાગે મોજે.ગોધરા કેપ્સુલ પ્લોટ મેસરી નદીની ધસમાં ઝાડીઓમાં આરોપીઓ (૧) સોહેલ ઐયુબ ભાઇજમાલ ઉર્ફે સોહેલ દેવો રહે. હાફીઝ પ્લોટ સાતપુલ વેજલપુર રોડ ગોધરા (૨) અનવરહુસેન લતીફ મોહમદ ગુણીયા રહે.સાતપુલ વેજલપુર રોડ ગોધરા (૩) ઇદ્રીશ અબ્દુલ રજાક ઇસ્માઇલવાલા રહે.નવીરોજી હોટલ પાસે કેપ્સુલ પ્લોટ ગોધરા નાઓએ ભેગા મળી ગૌવંશને ઘાસ-ચારો કે પીવાના પાણીની કોઇ વ્યવસ્થા રાખ્યા વગર કતલ કરવાના ઇરાદે ગળામાં તેમજ પગમાં ટુકા ટુકા દોરડાથી કુરતા પુર્વક દયનીય હાલતમાં ગૌવંશને બાંધી રાખેલ જે ગાય નંગ-૦૨ ની કિં.રૂ.૪૦,૦૦૦/- તથા ફોર વ્હીલ ગાડીઓ કુલ-૦૨ કિ.રૂ.૬,૦૦,૦૦૦/- તથા કુહાડી નંગ-૦૧ કિ.રૂ.૧૦૦/- તથા છરીઓ કુલ નંગ-૦૨ ની કિ.રૂ.૧૦૦/- તથા એક લટકાવવાનો વજનકાંટો કિ.રૂ.૫૦૦/- તથા તાસ કુલ નંગ-૦૨ ની કિ.રૂ.૧૦૦/- તથા તગારુ નંગ-૦૧ કિ.રૂ.૧૦૦/- તથા તાડપત્રી નંગ-૦૧ કિ.રૂ.૧૦૦/- તથા દોરડાના ટૂકડા નંગ-૦૬ કિ.રૂ.૦૦/- મળી કુલ કિ.રૂ.૬,૪૧,૦૦૦/- નો મુદ્દામાલ રાખી એકબીજાની મદદગારી કરી સ્થળ ઉપરથી આરોપીઓ નાસી જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૨) ગોધરા શહેર બી ડીવી.પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૨૦૪૯૬/૨૦૨૨ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનીયમ-૨૦૧૧ ના સુધારાની-૨૦૧૭ ની કલમઃ૫, ૬(એ), ૮(૪) તથા ધી પ્રાણી ક્રૂરતા અધિનીયમ ૧૯૬૦ ની કલમ ૧૧ (૧)(ડી)(ઇ)(એફ) તથા જી.પી.એકટ કલમ ૧૧૯ મુજબ તા.૧૩/૧૧/૨૦૨૨ ના ક.૦૫/૩૦ થી ક.૦૮/૪૫ દરમ્યાન મોજે.ગોધરા રહેમતનગર સુલેમાની મસ્જીદની પાસે આરોપી ઇલ્યાસ સાબીર અંસારી રહે.રહેમતનગર સુલેમાની મસ્જીદની પાસે ગોધરા નાઓએ પોતાના રહેણાંક મકાનમાં ગૌવંશને ઘાસ-ચારો કે પીવાના પાણીની કોઇ વ્યવસ્થા રાખ્યા વગર કતલ કરવાના ઇરાદે ગળામાં તેમજ પગમાં ટુકા ટુકા દોરડાથી કુરતા પુર્વક દયનીય હાલતમાં ગૌવંશને બાંધી રાખેલ જે વાછરડા નંગ-૦૬ ની કિં.રૂ.૧૮,૦૦૦/- ના ગૌવંશને કતલ કરવાના ઇરાદે બાંધી રાખી પોલીસની રેઇડ દરમ્યાન પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**(એસ.બી.કુંપાવત)**
**I/C પોલીસ અધિક્ષક**
**પંચમહાલ ગોધરા**

**નકલ સવિનય રવાનાઃ-**

**(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર**

**(૨) અધિક પોલીસ મહાનિદેશક શ્રી સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો ગુ.રા.ગાંધીનગર**

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી પંચમહાલ ગોધરા રેન્જ, ગોધરા.